વાત ગાંધીનગરની

છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ બાદ શુક્રવારે વરસાદે વિરામ લીધો હતો. જો કે વરસાદની વાતોએ વિરામ લીધો ન હતો. ક્યાં કેટલાં ભૂવા પડ્યા, ક્યાં કેટલા ખાડા પડ્યા, ક્યાં કેટલા પાણી ભરાયા એની ચર્ચા ઠેર ઠેર ચાલતી હતી. સચિવાલય અને સરકારી કચેરીઓ મીટીંગોમાં વ્યસ્ત હતી અને કોરોનાના આંકડા વય વધારતા રહ્યા.

પ્રતિનિધિ મંડળો પધાર્યા

મુખ્યમંત્રી અને સંબંધીત મંત્રીઓને મળવા માટે શુક્રવારે પ્રતિનિધિ મંડળોનો પ્રવાહ અવિરત રહ્યો હતો. પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો સરકારના નિર્ણયને બિરદાવવા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીનો આભાર માનવા આવ્યા હતા. જ્યારે સૌમા (સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસોશીએશન)નું પ્રતિનિધિમંડળ ટેકાના ભાવે મગફળી ખરીદવા રજુઆત કરવા આવ્યા હતા. આ વખતે સૌરાષ્ટ્રમાં મગળીનો પાક મબલક થયો છે. તેથી ખેડૂતોને વ્યાજબી ભાવ મળે તેવી રજુઆત કરી હતી. અને સાંજે કેન્દ્રિય આરોગ્ય ટીમે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની મુલાકાત લઈ સુરત અને અમદાવાદમાં કોરોના સંક્રમણ સંદર્ભે ચર્ચાઓ કરી હતી.

બાબુઓ બદલાય છે પણ સ્થિતિ નહી

હવે બાબુઓની બદલી છુટક છુટક થાય છે. નવો ટ્રેન્ડ સરકારમાં ચાલે છે. ત્યાં 'ફાટ્યું ત્યાં થીંગડું મારો - તુટ્યું ત્યાં સાંધો મારો' જેની જ્યાં જેમ જરૂર પડે તેમ અને ત્યારે બદલીના હુકમ કરવા, જથ્થાબંધ બદલીની વાત હવે હમણાં નહીં, હમણાં તો છુટક-છુટક. કોરોના મામલે ત્રણ અધિકારીઓની નવી નિમણુંક કરાઈ. ગાંધીનગર માટે ડૉ. રાજીવ ગુપ્તાના સ્થાને હવે સુનયના તોમર સુચનાઓ આપશે.

મંત્રીઓને નિયમોનું કોણ કહેશે..?

'યથા રાજા તથા પ્રજા' એ પરંપરા હજુ પણ જળવાય છે. જેવા પ્રધાનો તેવી પ્રજા, કોરોના કાળમાં માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ પાળવા ડબલ્યુએચઓથી લઈ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી વારંવાર અપીલ કરે છે. પરંતુ હજુય કેટલાય પ્રધાનો, કેટલાય પક્ષના નેતાઓ આ નિયમોના લીરેલીરા ઉડાડે છે. માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ફરે છે અને બેઠકોમાં કે મેળાવડાઓમાં સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરતાં નથી અને કરાવતા નથી. કોણ એમને કહેશે..?

શાળાઓ શરૂ કરવાની કોઈ ઉતાવળ નહીં કરાય

રાજ્યમાં કોરોનાના વધતા સંક્રમણને પગલે શહેરના કેટલાય વાલીઓ અને શિક્ષણવિદ્દો હમણાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરવાની ઉતાવળ ન કરવા રાજ્ય સરકારને સોશિયલ મીડીયાના માધ્યમથી અપિલ કરી રહ્યાં છે. તેના પ્રતિભાવમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહે જણાવ્યુ છે કે શિક્ષણ વિભાગ કોઈ ઉતાવળ કરશે નહી.

મીના બજારમાં ચા-ભજીયાવાળાને ત્યાં તડાકો...

છેલ્લા બે-ત્રણ દિવસના વરસાદી માહોલને પગલે મીના બજારમાં આજે દિવસભર 'ચ્હા'ની ચૂસકીઓ લેવા અને સાથે જ ગરમાગરમ ભજીયા-દાળવડા ઝાપટવા ભારે ભીડ જામી હતી. જોકે કેટલાકે કોરોનાને પગલે મીનાબજારની ભીડમાં જવાને બદલે ઓફિસમાં જ ચા-ભજીયા-દાળવડા મંગાવી વરસાદી માહોલને માણ્યો હતો. ચા-ભજીયાવાળાને તો રીતસર તડાકો જ પડ્યો હતો.

'અર્ક' આજનો...

જીંદગીમાં બધું જ છોડી દો તો ચાલશે, પણ ચહેરા પરનું સ્મિત અને આશા ક્યારેય ના છોડવી.



''મન મોર બની થનગાટ કરે...''

છેલ્લા બે-ત્રણ દિવસથી મોડી સાંજે આકાશમાં ઘનઘોર ઘેરાતા વાદળો મનને આનંદથી ભરી દે છે. ઘનઘોર-ઘટાટોપ વાદળો ગાંધીનગરાઓને ખૂબ ઓછા જોવા મળે છે. પરંતુ આ ચોમાસે વારંવાર ઘનઘોર વાદળોનો નજારો જોવા મળી રહ્યો છે. આવા મનમોહક વાતાવરણમાં મનુષ્યો જો ખુશખુશાલ બની જતાં હોય તો મોર જેવુ પક્ષી તો ખુશ થઈ નાચવા જ માંડે ને... વરસાદી વાતાવરણમાં મોરને કળા કરતા જોવા એ એક લ્હાવો છે. ઘણા બધા મોરનું રહેઠાણ એવા આપણા પાટનગરમાં કળા કરતા - નૃત્ય કરતા મોરના દેશ્યો અવારનવાર જોવા મળી જાય છે.

આજે રાયસણ ગામના સાંસ્કૃતિક હોલમાં

૧૮ ગામના સરપંચો, ગુડા અને મનપાની સંયુક્ત બેઠક

કલેક્ટરના અધ્યક્ષપદે મળેલી સમન્વય સમિતિએ કામગીરીના ભાગ પાડ્યા; સરપંચો દ્વારા મેયરને રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં સમાવવામાં આવેલ ૧૮ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તારના સરપંચો અને તલાટીઓની એક મહત્વની બેઠક આજે સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલ, રાયસણ ગામના નાકે, રાયસણ ખાતે યોજવામાં આવી છે.

આ બેઠકમાં પૂર્વ સરપંચો, તલાટીઓ ઉપરાંત મનપા કચેરીના અધિકારીઓ અને ગુડાના અધિકારીઓ હાજર રહેશે તેમ જાણવા મળેલ છે. આ બેઠકમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે પણ જોવાશે.

મળતી વિગતો પ્રમાણે આ ગામોમાં પીવાના પાણીના પ્રશ્નો, ગટરલાઈન, રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, વરસાદી પાણીના નિકાલ અંગેની હાલની હયાત વ્યવસ્થાઓ તેની આંકડાકીય માહિતી તેમજ હવે પછી કરવાની થતી બાકીની તમામ કામગીરીની આંકડાકીય વિગતો સાથે હાજર રહેવા આ આગેવાનોને જણાવાયુ છે.

સરકારે ૧૧ વાગ્યાથી શરૂ થનારી આ બેઠકને લઈ ગ્રામીણ વિસ્તારના આગેવાનો દ્વારા પણ રજુઆતો અંગેની તૈયારીઓ હાથ ધરાઈ છે.

દરમ્યાન જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મનપા અને પંચાયતના અધિકારીઓની મળેલી સમન્વય સમિતિની બેઠકમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૩૭ કેસ

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ

૨૩ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : ગાંધીનગર તાલુકામાં ૧૫, માણસા-૧, દહેગામ-૩, કલોલમાં ૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કુલ ૨૪ નવા કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૭૦૦ ને પાર કરી ગઈ છે.

જિલ્લામાં વધતા જતા કેસોને નિયંત્રિત કરવા તંત્રએ સઘન સર્વેલન્સ, ફાસ્ટ ટ્રેકીંગ અને ફાસ્ટ હોસ્પિટલાઈઝેશનની રણનીતિને વધુ આક્રમકતાથી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં વધતા જતા કેસોમાં આજે માણસા તાલુકા આરોગ્ય અધિકારીનો રિપોર્ટ જ પોઝીટીવ આવતાં તંત્રમાં ચિંતાનો માહોલ પ્રસરી જવા પામ્યો છે. તેઓનો ચાર્જ પણ અન્ય તબીબી અધિકારીને સોંપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ થી વધુ આરોગ્ય કર્મયોગીઓ વ કોરોના વોરિયર્સ સંક્રમિત થયા છે.

આજે ગાંધીનગર તાલુકામાં ૧૫ કેસ મળી આવ્યા છે. દહેગામમાંથી ૩ કેસ, માણસા અર્બનમાંથી ૧ કેસ મળી આવ્યા છે. કલોલમાંથી ૫ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના રાયસણ ગામેથી એક ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી વધુ બે કેસ આજે મળ્યા છે. આ ઉપરાંત લવારપુરમાંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૩૯ વર્ષીય પુરૂષ અને ૪૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. ભાટમાંથી એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાનો કહેર યથાવત

આજે શહેરમાં સેક્ટર-૧ માં ૧, સે. ૪-બીમાં ૨, સે. ૭-સીમાં ૧, સે. ૮માં ૨, સે. ૧૩-બીમાં ૧, સે. ૧૪માં ૨, સે. ૨૨માં ૧, સે. ૨૪માં ૧, સે. ૨૮માં ૧ અને જીઈબી કોલોનીમાં ૧ કેસ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં આજે વધુ ૧૩ કેસ નોંધાતાં શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૩૪૭ પર પહોંચી છે.

શહેરમાં વધુ ૧૩ કેસ મળ્યા

શહેરમાં વધતા જતા કેસોએ હવે તંત્રની ચિંતા વધારી છે. જે રીતે કેસો મળી રહ્યા છે તેથી હવે કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા સ્પષ્ટ થઈ રહી છે. અનલોક-૨ શહેર માટે વધુ ચિંતાજનક બન્યુ હોવાનું તંત્રના અધિકારીઓ ખાનગીમાં સ્વીકારી રહ્યા છે.

આજે શહેરમાં સેક્ટર-૧ માં ૧, સે. ૪-બી માં ૨, સે. ૭-સી માં ૧, સે. ૮ માં ૨, સે. ૧૩-બી માં ૧, સે. ૧૪ માં ૨, સે. ૨૨ માં ૧, સે. ૨૪ માં ૧, સે. ૨૮ માં ૧ અને જીઈબી કોલોનીમાં ૧ કેસ નોંધાયો છે.

જીઈબી કોલોની, સે. ૪, સે. ૨૪ માં તેમજ સે. ૭, ૮ અને સે. ૧૪ માં જે રીતે કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધુ ઘેરી બની છે. આજે નોંધાયેલા ૧૩ કેસમાં મહિલા દર્દીઓની સંખ્યા ૩ છે. જો કે મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતા ઉભી થઈ છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્ર દ્વારા તે મંજૂર રાખવામાં આવેલ છે.

સેટલમેન્ટ કમિશનરની કચેરીમાં સર્વેયરની નોકરી કરતા અને સે. ૨૮ માં રહેતા એક ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

બે ઈંચ વરસાદમાં આખુ શહેર ઘમરોળાયુ

અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી : માર્ગો પર ગાબડા : સે-૧૨ : ૧૩ સે- ૫ , સે-૭ સહીતના વિસ્તારમાં અનેક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા પડયા : ઘણાં વાહનો ફસડાઇ પડયા : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થવાના લીધે માર્ગ વચાળે આડશ : જનજીવન પ્રભાવિત : સેકટરોના કોમન પ્લોટ બેટમાં ફેરવાયા : એક કલાકમાં જ સવા બે ઇંચ વરસાદ શહેરમાં સિઝનનો ૧૪ ઇંચ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં ગુરુવારે સાંજે મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. મોડી સાંજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો પલવારમાં જ પવનના સુસવાટા સાથે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઇ આવ્યા હતા. વિજચમકારા અને વાદળ ગર્જના સાથે આવેલી મેઘસવારીએ એક કલાકમાં જ શહેરને વરસાદી પાણીમાં ઘમરોળી નાંખ્યુ હતુ. સેકટરોમાં ચોમેર પાણી પાણી થઇ ગયુ હતુ. ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા જયારે સેકટરોમાં માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા પડયા હતા જેના લીધે વાહન ચાલકો પણ ફસડાઈ પડયા હતા. માત્ર સવા બે ઈંચ વરસાદના લીધે શહેર અસ્તવ્યસ્ત થઇ ગયુ હતુ. શહેરમાં છેલ્લા બે દિવસમાં ચાર ઈંચ વરસાદ થયો છે. જયારે શહેરમાં સિઝનનો ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

વરસાદના તોફાની મિજાજથી જનજીવન પ્રભાવિત છે.

શહેરમાં ગુરુવારની સાંજે મેઘરાજાએ બઘડાટી બોલાવતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ માત્ર એક કલાકમાં સવા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. પવનના સુસવાટા અને વિજળીના ચમકારા સાથે ધોધમાર વરસેલા વરસાદે નગરને ઘમરોળી નાંખ્યુ હતુ. શહેરના માર્ગો પર મોટામસ ભુવા પડવા સહીત અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. માર્ગ વચાળે અનેક વાહનો અટવાયા હતા જયારે કેટલાક વરસાદી પાણીના નિકાલ માટે થયેલા ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા અંદર ઘુસી ગયા હતા. સે-૧૨ :૧૩ પાસે માટી પોલાણના લીધે એક કાર અંદર ઘુસી ગઈ હતી જો કે ભારે જહેમતના અંતે કારને બહાર કાઢવામાં આવી હતી. આ ઉપરાંત સે-૧૨, સે-૧૩ , સે-૫ અને સે-૭ માં માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. વરસાદની સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી સરગાસણ સહીતના કેટલાક વિસ્તારમાં બોર્ડસ અને હોર્ડીંગ્સ પણ તુટી ગયા હતા. ભારે વરસાદના અંતે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર પાણી ફરી

● અનુસંધાન પાન-૭ પર

લઘુત્તમ અને મહત્તમ તાપમાન નોંધપાત્ર ફેરફાર

શહેરમાં છેલ્લા બે દિવસથી રોજ સાંજે ભારે વરસાદ વરસતા ચોમેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી થી નીચુ રહેતા નાગરિકો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે ઠંડક અનુભવી રહ્યા છે જો કે ભેજનુ પ્રમાણ વધતા વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નાગરિકો ઉકળાટ અનુભવી રહ્યા છે. વાતાવરણમાં ૯૭ થી ૬૭ ટકા સુધી ભેજનુ પ્રમાણ નોંધાયુ છે. ગઈકાલે ભારે વરસાદના અંતે આજે લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ.

ચારેય તાલુકાઓમાં વરસાદની સ્થિતિ

દહેગામ	૩૧૪	૩૭.૯૧
ગાંધીનગર	૨૨૧	૩૧.૧૭
કલોલ	૧૭૦	૨૧.૫૨
માણસા	૨૩૫	૨૯.૧૨
સરેરાશ	૨૩૫	૩૦.૦૭

સ્માર્ટ સીટીમાં વાહનો ગાબડામાં ગરકાવ

શહેરમાં બે ઈંચ જેટલા વરસાદથી પણ નગરના માર્ગો પર ઠેર ઠેર ભયજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તંત્રએ વરસાદી પાણીની લાઈન નાંખવા માટે આખા શહેરમાં માર્ગોની આસપાસ ખોદકામ કર્યુ હતુ સેકટરોના રીંગ રોડ સહીત શહેરના મુખ્યમાર્ગોની આસપાસ ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ થયુ નથી જેના લીધે વરસાદની સિઝનમાં હાલ માર્ગો પર વાહન લઈને જવુ જાનલેવા પુરવાર થાય તેવી સ્થિતિ છે. ગઈકાલે આવેલા વરસાદના અંતે સેંકડો વાહનો આ જોખમી સ્થિતિમાં મોટામસ ગાબડાઓમાં ગરકાવ થઈ ગયા હતા. કોર્પોરેશને હાથ ધરેલી આ કામગીરીના અંતે આમ નાગરિકોની સલામતીનો વિચાર કર્યા વિના પ્રથમ વરસાદના અંતે બધુ ઓ કે થઈ જશે તેમ માનીને જોખમી સ્થિતિને નિવારવા માટે કોઈ પગલા લીધા નથી જયારે શહેરમાં ૧૪ ઈંચ વરસાદના અંતે પણ હજુ ડગલે ને પગલે આવી ભયજનક સ્થિતિ જોવા મળી રહી છે. આમછતા તંત્રના અધિકારીઓના પેટનુ પાણી હલતુ નથી. સ્માર્ટ સીટીના સ્વપ્ન સેવતી કોર્પોરેશનની ટીમને આ સ્માર્ટ દ્રશ્યો જોવા માટે કોઈ મહેનત કરવી પડે તેમ નથી. આમ નાગરિકોને માર્ગો પર ઠેર ઠેર મોતના કુવા ઓળંગવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

પાંચ મહિનાના વિલંબ બાદ આજે જિલ્લા સંકલન સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક આજે પાંચ મહિના બાદ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળશે.

સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે હેતુથી આ બેઠકમાં કલેક્ટર, કમિશનર તેમજ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, ઉપરાંત પદાધિકારીઓ જ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં જે વિભાગના અધિકારીને લગતા પ્રશ્નો રજુ થયા હશે તે પણ હાજર રહેશે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે પાંચ મહિના બાદ બેઠક મળી રહી હોવાથી ધારાસભ્યો દ્વારા પણ સારી એવી સંખ્યામાં પ્રશ્નો રજુ થયા હોવાનું જાણવા મળેલ છે. આરોગ્ય, શિક્ષણ તેમજ મહેસુલ વિભાગને લગતા પ્રશ્નો છે. આ બેઠકમાં કોરોના ઉપરાંત ચોમાસાની તૈયારીઓના મુદ્દે પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વધારવાના નિર્ણય પછી ગ્રામીણ વિસ્તારમાં સમસ્યાઓ જે રીતે ઉભરી આવી છે તેને પણ ધારાસભ્યો દ્વારા રજુઆત થશે તેમ મનાઈ રહ્યું છે.

સવારે ૧૧ વાગે આ બેઠક મળશે. તંત્ર દ્વારા પણ આ અંગે તૈયારીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દર માસના ત્રીજા શનિવારે મળતી બેઠકોનું પણ આયોજન કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

ધનવંતરિ રથ અને કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની પહેલથી પ્રભાવિત થતી કેન્દ્રીય ટીમ

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કેન્દ્ર સરકારને અનુરોધને પગલે ગુજરાતમાં કોરોના કોવિડ-૧૯ની કામગીરીની દેખરેખ-સમીક્ષા માર્ગદર્શન માટે આવેલી કેન્દ્રીય ટીમે રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણના અને જનજાગૃતિના ઉપાયોની પ્રસંશા કરી છે.

નીતિ આયોગના સભ્ય ડૉ. વિનોદ પોલ, ઝ્રસ્ઈના ડાયરેકટર ડૉ. બલરામ ભાર્ગવ, છૈંસ્જીના ડૉ. રણદીપ ગુલેરિયા અને કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના અધિક સચિવ શ્રીમતી આરતી આહુજાએ મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને રાજ્યના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ બેઠકમાં કેન્દ્રીય ટીમે સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતે ખાસ કરીને આરોગ્ય સેતુ એપ ના સુઆયોજિત ઉપયોગના આધારે છેક ગ્રામીણ સ્તર સુધી કન્ટેનમેન્ટ ઝોન નક્કી કરવા, ધનવંતરી રથના માધ્યમથી લોકોને ઘરઆંગણે આરોગ્ય સેવા આપવી તેમજ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર ઊભા કરવાની જે પહેલરૂપ કામગીરી કરી છે તે દેશના અન્ય રાજ્યો માટે ઉદાહરણ રૂપ બની રહેશે.

આ કેન્દ્રીય ટીમે સુરત અને અમદાવાદની મૂલાકાત લઈને

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com